ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૪૨ (જહાંગીરાબાદ) નો ઇરાદો જાહેર કરવા બાબતનું અધિસૂચન

ગુજરાત સમાચાર

તા. ૨-૧૧-૯૯

# સુરત મહાનગરપાલિકા

## મોજે જહાંગીરાબાદ વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૪૨ (જહાંગીરાબાદ) તૈયાર કરવા બાબત

## અધિસૂચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭-૧-૮૪ના ઠરાવ નં. ૬૨૬ (૧૦)થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઇઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૬૪/૯૯ તા. ૧૬-૧૦-૯૯થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૪૨માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ જહાંગીરાબાદ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૪૨ (જહાંગીરાબાદ) તૈયાર કરવાનો ઇરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત

તા. ૨૯-૧૦-૯૯

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

**ઠરાવ :-**

મ્યુ. કમિશ્નરશ્રીના તા. ૧૧-૮-૯૯નાં પત્ર નં. સીમીસ/૮/૨૩થી વિદિત થઇ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઇ, સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ સુરત મહાનગરપાલિકાની હદમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૪૨ (જહાંગીરાબાદ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી બતાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં. ૪૨ (જહાંગીરાબાદ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ની કલમ-૪૧ (૨) મુજબ ઇરાદો જાહેર કરવાનું, ઇરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચન મંજુર કરવાનું તથા સદર અધિસૂચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિદ્ધ કરવાનું અને ઇરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૬૪ / ૯૯ સર્વાનુમતે મંજુર.

નં. પી.આર.ઓ./૩૨૬/૯૯-૨૦૦૦

તા. ૧-૧૧-૯૯

ગુજરાતમિત્ર તા. ૨/૧૧/૯૯

# સૂરત મહાનગરપાલિકા

## મોજે જહાંગીરાબાદ વિસ્તારની નગર રચના યોજના સૂરત નં.૪૨(જહાંગીરાબાદ) તૈયાર કરવા બાબત.

## અધિસૂચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયેરચાયેલ સૂરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા.૨૭-૧-૮૪ના ઠરાવ નં.૬૨૬(૧૦) થી સૂરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સૂરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં.૨૭) ની કલમ-૪૧ ની જોગવાઇઓ મુજબ સૂરત મહાનગરપાલિકાના નગર નિયોજન સમિતિના ઠરાવ નં.૬૪/૯૯ તા.૧૬-૧૦-૯૯ થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપીએસ/૪૨ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ જહાંગીરાબાદ વિસ્તાર માટે નગર રચના યોજના સૂરત નં.૪૨(જહાંગીરાબાદ) તૈયાર કરવાનો ઇરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સૂરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સૂરત મહાનગરપાલિકા, મુગલીસરા, સૂરતમાં રજાના દિવસો સિવાયના દિવસે ઓફીસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સૂરત — કમિશનર

તા.૨૯-૧૦-૯૯ — સૂરત મહાનગરપાલિકા

ઠરાવ

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૧-૮-૯૯ ના પત્ર નં.સીપીસ/૮/૨૩ થી વિદિત થઇ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઇ, સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ સૂરત મહાનગરપાલિકાની હદમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સૂરત નં.૪૨(જહાંગીરાબાદ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી બતાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સૂરત નં.૪૨ (જહાંગીરાબાદ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઇરાદો જાહેર કરવાનું, ઇરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચન મંજૂર કરવાનું તથા સદર અધિસૂચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું અને ઇરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીના રાજપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૬૩/૯૯ સર્વાનુમતે મંજૂર

નં.પી.આર.ઓ./૩૨૬/૯૯-૨૦૦૦

તા.૧-૧૧-૯૯

ગુજરાતપ્રભા (સાંધ્ય) ૨-૧૧-૯૯